જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૬/૨૦૧૮ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૩૪૦ લીટર દેશી દારૂ, ૨૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૨૧૯ /૧૮**

**ગુજરાત યુનિવર્સીટી** : નાવેદભાઇ મહેમુદભાઇ દેસાઈ (ઉ.વ.૫૧)(રહે,સ્પેક્ટ્રમ ટાવર, પોલીસ સ્ટેડીયમ સામે, શાહીબાગ) એ તા.૨૭/૬/૧૮ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એપ્રિલ/૨૦૧૮ થી મે/૨૦૧૮ સુધી ના સમયગાળા દરમ્યાન આંબાવાડી અપર લેવલ સેફ્રોન બિલ્ડીંગમા આવેલ બ્લીચ ટુરીઝમ પ્રા.લી. કંપનીમાં આરોપી તેજસ નીલેશભાઇ શાહ (રહે,શિતાંશુ ફ્લેટ નારણપુરા) એ નાવેદભાઇની કંપની સાથે વિશ્વાસ અને ભરોસો કેળવી, નાવેદભાઇની કંપની પાસેથી તેમના ગ્રાહકોના એર ટીકીટ બુકીંગ તેમજ ટુર પેકેઝ તેમજ હોટલ બુકીંગ પેટે કુલ રુપીયા ૬૮,૪૦,૧૦૭/- નું બુકીંગ કરાવી, તે પેટે રૂપિયા ૨૮,૪૬,૧૨૨/- કંપનીમાં જમા કરાવી બાકીના રૂપીયા ૩૯,૯૩,૯૮૫/- કંપનીમાં જમા કરાવવાને બદલે બારોબાર ગ્રાહકો પાસેથી મેળવી લઈ, કંપનીમાં જમા નહી કરાવી, નાવેદભાઇની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**નરોડા** : પુરૂષોત્તમભાઇ ફુલ્લુમલ દરવાણી (ઉ.વ.૬૧) (રહે,પ્રેરણાતિર્થ બંગલોઝ, સેટેલાઇટ) એ તા.૨૭/૬/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૧૮ ના કલાક ૮/૦૦ થી તા.૨૭/૦૬/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા દેવાશિષ ફ્લેટ સામે સત્વ રેસીડન્સી-૧ ના ખાંચામા બે અજાણ્યા ઇસમ તથા એક અજાણી સ્ત્રી (જેના નામ-ઠામની ખબર નથી) ભેગામળી પુરૂષોત્તમભાઇ ને બે સાચા હિરા બતાવી, વેચાણ કરવાની વાત કરતા, પુરૂષોત્તમભાઇ એ તેમના મિત્ર મગનભાઇ ને હિરા બતાવી વેચાણ રાખવા બાબતે વાત કરતા, હિરાની ખરીદી સારૂ મગનભાઇએ અજાણ્યા ઇસમોને રૂપીયા ૩૦,૦૦,૦૦૦/- આપતા, તેના બદલામા મગનભાઇને નક્લી હિરા આપી, તમામ આરોપીઓ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.વાઘેલા ચલાવે છે.

**નારોલ** : રણજીતસીંગ જોગેન્દ્રસીંગ ગીલ (ઉ.વ.૩૫)(રહે,ભગીરથ સીટી હોમ્સ નારોલ કોર્ટ પાસે) એ તા.૨૭/૬/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છ માસ અગાઉ થી તા.૦૬/૦૫/૧૮ દરમ્યાન દુકાન નંબર ૧-૨ સુખઅમુત કોમ્પ્લેક્ષ નારોલ કોર્ટ ની સામે લાંભા રોડ ઉપર આરોપી (૧) કાશી વિનોદભાઇ રાઠોડ (રહે,આકૃતિ ટાઉનશીપ નારોલ) અને (૨) રાહુલભાઇ (મોબાઇલ ટેલીકોમ કંપનીવાળા તથા અન્ય મદદગારો) ભેગામળી ગ્રાહક સેવા કેન્દ્ર ની પર્સનલ લોન આપવાની ઓફીસ ખોલી જાહેરાત કરતા, રણજીતસીંગ એ મોબાઇલ ફોન નંગ-૩ ની લોન રૂપીયા ૧,૧૪,૪૦૦/- મેળવવા ડોક્યુમેન્ટ તથા સહીઓ કરેલ, જે ફોન તથા નાણા નહી આપી તેમજ અન્ય સાહેદોને પણ આ રીતે મોબાઇલની પર્સનલ લોન અપાવવા સારૂ જણાવી ડોક્યુમેન્ટ પુરાવા લઇ, ગ્રાહકોના કુલ રૂપિયા ૭,૬૦,૮૪૦/- ની લોન મંજુર કરી, મોબાઇલ કે નાણા નહી આપી, છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૦ /૧૮</u>**

**નવરંગપુરા** : ભગીરથસિંહજી તખતસિંહજી વાઘેલા (ઉ.વ.૫૨)(રહે,સમર્પણ એપાર્ટમેન્ટ રેડીયો મીરચીની સામે પ્રહલાદનગર ગાર્ડન પાસે આનંદનગર) એ તા.૨૭/૬/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૧૮ ના કલાક ૧૧/૦૦ થી તા.૨૬/૬/૧૮ રાતના ૧૦/૦૦ દરમ્યાન નવરંગપુરા લો ગાર્ડન નજીક ગાંધીબાગ સોસાયટીમાં આવેલ બંગલા નંબર-૯ ના ગેસ્ટ હાઉસના રૂમ નંબર-૧ ની પાછળની બારીની ગ્રીલ તોડી ગેસ્ટ હાઉસની અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી ગેસ્ટ હાઉસના મુખ્ય રૂમમાં લગાડેલ સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. કિમંત રૂપિયા ૨૦,૦૦૦/- અને ગેસ્ટ હાઉસનું વાઇફાઇ સીસ્ટમ કિમંત રૂપિયા ૩૫,૦૦૦/- તથા ઇ.પી.બી.એસ. કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૧ /૧૮</u>**

**ચાંદખેડા** : પદમાબહેન વા/ઓ નત્રેન્દ્રકુમાર પરમાર (ઉ.વ.૫૨)(રહે,શિવમ એપાર્ટ્મેન્ટ વૈકુઠધામ મંદિરની બાજુમા દાણીલીમડા) એ તા.૨૭/૬/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૧૮ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે ન્યુ ચાંદખેડા સેપલ એલીગન્સ-૧ ની સામે રોડ ઉપરથી ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) પદમાબહેન ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**<u>કરંટ લાગતા પડી જતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૨/૧૮</u>**

**બાપુનગરઃ** પપ્પુ હુરદનંદા રાઉત (ઉ.વ.૨૩)(રહે,ભક્તિનગરની ચાલી બાપુનગર) તા.૨૭/૬/૧૮ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર શ્રી ખોડીયાર પ્લાસ્ટિકના કારખાનામાં ચાલુ મશીને કામ કરતા હતા દરમ્યાન અચાનક વીજ કરંટ લાગતા, લોખંડના સ્ટુલ ઉપરથી પડી જતાં, મશીનની કીનારી માથા ઉપર વાગતા, ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.